NJHealth
New Jersey Department of Health

રસીકરણ મહત્વપૂર્ણ છે લાંબા સમયથી બીમારી હોય તેવા પુખ્ત વયના લોકો માટે




રસીઓ તમામ પુખ્ત વયના લોકો માટે મહત્વપૂર્ણ છે, ખાસ કરીને હૃદય રોગ, ડાયાબિટીસ અથવા ફેફસાના રોગ જેવી પરિસ્થિતિઓ ધરાવતા લોકો માટે, જે ચેપને વધુ ગંભીર બનાવી શકે છે.

પુખ્ત વયના 19+ લોકોએ COVID-19, ફ્લૂ અને Tdap (ટિટાનસ, ડિપ્થેરિયા, પેર્ટુસિસ)/ Td (ટિટાનસ, ડિપ્થેરિયા) રસી લેવી જોઈએ. જો બાળપણમાં પોલિયોની શરૂઆતની શ્રેણી પૂરી કરવામાં ન આવી હોય તો પોલિયોની રસીની જરૂર પડી શકે છે. વધારાની રસીની ભલામણ ઉંમર, આરોગ્ય અને જીવનશૈલીના આધારે કરી શકાય છે.

રસીઓ ગંભીર રોગ સામે રક્ષણ આપવામાં મદદ કરે છે! ભલામણ કરેલી રસીઓ વિશે ડૉક્ટર અથવા ફાર્માસિસ્ટ સાથે વાત કરો.



ફ્લૂ તમારા બીજા હાર્ટ એટેક અથવા સ્ટ્રોકનું જોખમ વધારી શકે છે.



કેટલાક એવા રોગો છે જે બ્લડ સુગરને ખતરનાક સ્તરે વધારી શકે છે, જેને રસીથી અટકાવી શકાય છે.



પેર્ટુસિસ અને અન્ય શ્વસન ચેપ શ્વાસ લેવામાં મુશ્કેલી લાવી શકે છે.



- મોટાભાગની વીમા યોજનાઓ ભલામણ કરેલી રસીઓને આવરી લે છે.
- પુખ્ત વયના લોકો કે જેઓ વીમા વગરના છે અથવા ઓછો વીમો ધરાવે છે તેઓ 317-ભંડોળવાળા પ્રોગ્રામ માટે લાયક બની શકે છે.
- 317 રસી પ્રદાતાઓ વિશે વધુ માહિતી માટે bit.ly/4dh1P7u ની મુલાકાત લો અથવા QR કોડ સ્કૅન કરો.

મને સ્કૅન કરો

ન્યૂ જર્સી આરોગ્ય વિભાગ:nj.gov/health/vaccines
અમેરિકન એકેડેમી ઓફ ફેમિલી ફિઝિશિયન્સ (AAFP) પુખ્ત રસીકરણ શેડ્યૂલ: bit.ly/41AGEqh

બાહ્ય સાઇટ્સની લિંક્સ ફક્ત માહિતીના હેતુઓ માટે છે અને તેમની સામગ્રી માટે સમર્થન અથવા જવાબદારી સૂચવતી નથી.

જુલાઈ 2026